ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



**મનોજકુમાર આર સરૈયા**
પ્રમુખ
રોટરી ક્લબ ઓફ કેપિટલ
મંત્રી
ખડાયતા સમાજ, ગાંધીનગર
મો. ૯૮૨૪૦ ૬૯૪૮૫

# દુલ્હનની જેમ શણગારેલી અડાલજની વાવ સૂરોથી રણકી



તસવીર : કમલેશ શાહ



ગાંધીનગર, તા. ૧૮

ગઈકાલે રાત્રે દુલ્હનની જેમ સજેલી અડાલજની વાવ સૂરોથી રણકી ઊઠી હતી.

છેલ્લાં પાંચ વર્ષથી અમદાવાદ શહેરમાં 'ક્રાફટ ઑફ આર્ટ'ના બૅનર તળે 'વૉટર ફૅસ્ટીવલ'નું આયોજન કરવામાં આવે છે, જે અંતર્ગત બે દિવસ અગાઉ પાટણની રાણકી વાવ ખાતે અને ગઈકાલે રાત્રે અડાલજની વાવ ખાતે સંગીતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

અડાલજ ખાતે આયોજિત કાર્યક્રમ અંતર્ગત પર્ક્યુશન અને ફયુઝન મ્યુઝીક ઉપર વધારે ભાર મૂકવામાં આવ્યો હતો. ફઝલ કુરેશી, રાહુલ શર્મા, સેલ્વા ગણેશ, અરુણકુમાર, ધ્રુવ ઘાનેકર, ઈન્દ્રજિત શર્મા, વિજય ચવાણ અને ખેતેખાનનાં સુંદર પરફૉર્મન્સ અહીં યોજાયાં હતાં. દરેક કલાકારનાં વ્યક્તિગત પરફૉર્મન્સ તો વખણાયાં જ હતાં પરંતુ છેલ્લે સૌએ સાથે મળીને એક ફયુઝન આપીને 'સોને પે સુહાગા'ની યાદ અપાવી દીધી હતી.

કાર્યક્રમ દરમ્યાન અડાલજની વાવના સ્થાપત્યને જ બૅકડ્રોપ તરીકે રાખીને તેની આગળ સંગીતનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જે કારણે એક સુંદર માહોલ રચાયો હતો. કાર્યક્રમ માણવા માટે ભીડ એટલી મોટી સંખ્યામાં એકત્ર થઈ હતી કે સમય કરતાં થોડા પણ મોડા પહોંચેલા કેટલાય પ્રેક્ષકોએ તો અડાલજની વાવમાં બેસીને આ કાર્યક્રમ માણ્યો હતો. પ્રેક્ષકોએ પાર્ક કરેલાં વાહનોની ભીડ ગામની બહાર મુખ્ય રસ્તા સુધી પહોંચી હતી. ગાંધીનગર, અમદાવાદ અને આસપાસનાં ગામોમાંથી પણ મોટી સંખ્યામાં લોકો આ કાર્યક્રમમાં ઉમટ્યા હતા.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
પ્રેમ રતન ધન પાયો
રાત્રે ૯.૩૦
**સ્ક્રીન-૨**
પ્રેમ રતન ધન પાયો
૧૨.૩૦, ૩.૪૫,
૭.૦૦. ૧૦૧૫
**સ્ક્રીન-3**
સ્પેક્ટર (અંગ્રેજી)
૧.૪૫, ૭.૧૫
સ્પેક્ટર (હિન્દી)
૧૧.૦૦, ૪.૩૦, ૧૦.૦૦
**સ્ક્રીન-૪**
છેલ્લો દિવસ
૪.૦૦, ૭.૧૫, ૧૦.૦૦
**સ્ક્રીન-૫**
પ્રેમ રતન ધન પાયો
૧૦.૦૦, ૨.૦૦
**સ્ક્રીન-૬**
પ્યાર કા પંચનામા-૨
૧૦.૦૦
છેલ્લો દિવસ
૧.૦૦
પ્રેમ રતન ધન પાયો
૫.૩૦

## બ્રહ્માકુમારી સંસ્થાના ૩૬મા વાર્ષિકોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી




તસવીર : કશ્યપ નિમાવત

ગાંધીનગર, તા. ૨૨

પાટનગર ગાંધીનગરમાં આજથી ૩૬ વર્ષ પહેલાં સચિવાલયમાં સરકારી ફરજ બજાવતાં રાજયોગી રાજુભાઈના સે-૧૬માં બે રૂમ રસોડાના નાનકડા મકાનમાં બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્રની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારથી કેન્દ્રના સંચાલિકા કૈલાશદીદીજીના સફળ નેતૃત્વ હેઠળ સમગ્ર ગાંધીનગર જિલ્લામાં અનેકાનેક આધ્યાત્મિક કાર્યક્રમો, મેળાઓ, સંમેલનો, શિબિરોનું આયોજન કરી વ્યકિત પરિવર્તનથી વિશ્વ પરિવર્તનનું કાર્ય કરવામાં આવી રહેલ છે. સે-૨૮ ખાતે આવેલ ગાંધીનગર જિલ્લાના મુખ્યાલય સમા સેવા કેન્દ્ર ખાતે ૩૬મા વાર્ષિકોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શિવ પરમાત્માને ખાસ ભોગ ધરાવવામાં આવ્યો હતો.

કેક કટીંગ સાથે છેલ્લા ૩૬ વર્ષની વિકાસ ગાથા કૈલાશદીદીએ સંભળાવી પરમાત્માની મહાનતમ કાર્યની ઝાંખી કરાવેલ અને સૌ પર ઈશ્વરીય શકિત સાંપડે તેવા આશીર્વાદની વર્ષા કરી હતી. મોટી સંખ્યામાં ભાવિકો તથા ગણમાન્ય વ્યક્તિઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

# પાસપોર્ટ-વિઝા વગર આવન-જાવન કરતાં ગગન વિહારી

## ગાંધીનગર શહેરમાં યાયાવર પક્ષીઓનું પ્રમાણ નોંધપાત્ર રીતે ઓછું થયું





### સ્થળાંતર દરમ્યાન ઊંચાઈ

| પક્ષી | ઊંચાઈ |
|---|---|
| બતકો | ૨,૨૮૬ મીટર |
| 'ગીઝ' | ૨૯,૫૦૦ ફીટ |
| 'રુક' | ૩,૩૫૨ મીટર |
| હિમાલય ઓળંગતા પક્ષી | ૬,૫૦૮ મીટર |

### સ્થળાંતર કરતાં પક્ષીઓનો વિસ્તાર

| | |
|---|---|
| પોઈન્ટ કેલીમર | શિયાળો અને શરદનું પ્રવેશસ્થાન |
| મન્નારનો અખાત | શિયાળો, શરદ અને વસંતનું પ્રવેશસ્થાન |
| કાલીવેલી | મીઠા પાણીની જાતો માટેની શિયાળાનું સ્થાન અને દરિયાઈ જાતો માટેનું વસંતનું સ્થાન |
| ચિલ્કા | વસંતનું સ્થાન |
| કચ્છનું નાનુ રણ | શિયાળો અને શરદનું પ્રવેશસ્થાન |
| ભરતપુર | શિયાળો ગાળવાનું સ્થાન |

ગાંધીનગર, તા. ૨૧

શિયાળો શરૂ થતાં જ હજારો કિલોમીટરનું અંતર કાપી પર્યટક પંખીડાઓનું આવન-જાવન નિયમિતપણે જોવા મળે છે. પરંતુ આ વર્ષે ગાંધીનગરની આસપાસ જલપ્લાવિત વિસ્તાર, ગૌચરની જમીન અને વૃક્ષોની સંખ્યામાં ઘટાડો થતાં યાયાવર પક્ષીઓની આ વર્ષે સંખ્યા ઘટી છે.

હરીયાળા ગાંધીનગરમાં છેલ્લા બે દાયકામાં સીમેન્ટ ક્રોન્ક્રીટના બાંધકામનું પ્રમાણ ઘણું વધી ગયું છે. જે તે કારણે જૂના પુરાણા વૃક્ષોનું નિકંદન પણ થયું છે. યાયાવર પક્ષીઓનો ખોરાક મુખ્યત્વે નદી-નાળા-તળાવના કાંઠા પાસે વધારે હોય છે. પરંતુ જલપ્લાવિત પણ ઘટ્યા હોવાને કારણે પર્યટક પંખીડાઓનું આજની તારીખે પ્રમાણ ઘણુ ઓછુ જોવા મળી રહ્યું છે. તેમ ગાંધીનગરના પક્ષીવિક પંકજ પરમાર જણાવી રહ્યા છે. ઠંડી શરૂ થતાં જ દિવાળી ઘોડો દિવાળીની આસપાસ આવી જ જાય. તેજ રીતે વૈયા-રોઝી પાસ્ટર પક્ષી પણ આવે અને ગ્રીષ્મ ઋતુ શરૂ થતાં જ ગાયબ થઈ જાય. કેટલાંક જમીન પરની ઝાડીમાં યાયાવર પક્ષીઓ જોવા મળે છે. જ્યારે કેટલાંક વૃક્ષો પર જોવા મળે છે ત્યારે કેટલાંક પંખીડાઓ જળ પ્લાવિત વિસ્તારમાં જોવા મળે છે. સ્થળાંતર કરવા માટે પક્ષીઓએ કુદરતી રીતે પોતાનું અનુકુલન ઉભુ કર્યું છે. જેમ કે ઉષ્ણ રૂધિર, ઉષ્માસંગ્રાહી, પીંછાનું સુંદર આવરણ, વિચક્ષણ ઉડ્ડયન શક્તિ, પોષણ માટે વિવિધ રીતે અનુકૂલિત થયેલ ચાંચ અને શરીરના આકાર પરથી ઓળખાય છે. આ પર્યટક પંખીડાઓ સ્વગૃહે અત્યંત કાતિલ ઠંડી, પોષણ પાણીની તંગી અને પ્રજનન ક્ષમતા પ્રાપ્ત કરવાની પ્રેરણા નહીવત હોવાને કારણે ગાંધીનગરમાં હજારો વર્ષથી આવન-જાવન કરતાં હોય છે. આવા પક્ષીઓ યોગ્ય આશ્રય સ્થાન પસંદ કરી સંવનન, પ્રજનન અને રહેઠાણ માટે માળા બાંધવાની બાબતો આનુવંશિક વૃત્તિ ગણવામાં આવે છે. પક્ષીઓ જલપ્લાવિત વિસ્તાર ઘટતાં નજીકના વધુ પાણી ધરાવતાં સ્થળોએ સ્થળાંતર કરતા જોવા મળે છે. કેટલાક પર્યટક પંખીડાઓ હજારો કિલોમીટરની ખેપ કરી ઉત્તુંગ ગિરિશિખરો વિશાળ સમુદ્રો અને લાંબા રણ પ્રદેશો પાર કરી સતત એકધારો પ્રવાસ કરીને ભારતમાં અસંખ્ય સંખ્યામાં નદી-નાળા-ઝરણા અને તળાવ, સરોવર અને સાગર કાંઠે ઉતરી આવે છે. સામાન્ય રીતે ઓક્ટોબરથી ફેબ્રુઆરી સુધી યાયાવર પંખીડાઓ જોવા મળે છે. ગાંધીનગમરાં પક્ષીવિદો ગળામાં કેમેરો, બાયનોક્યુલર અને સાથે કપડાની થેલીમાં સીંગ-ચણાનો નાસ્તો લઈને પક્ષીઓની નોંધ રાખતા નજરે ચઢે છે. ગાંધીનગરમાં લવારપુરનું તળાવ, જીઈબી પાછળનું એશપોન્ડ, ઘ-૦ પાસે ગટરના પાણીની ડક, નર્મદાની કેનાલ, અરણ્યપાર્કનું તળાવ યાયાવર પક્ષીઓ માટે આશ્રયસ્થાન ઉત્તમ ગણવામાં આવે છે. રાત્રીના સમયે ચોક્કસ પ્રકારનો અવાજ કાઢતા યાયાવર પક્ષીઓ યાત્રા દરમ્યાન સૌથી આગળ નાયક સમગ્ર સમૂહને અંગ્રેજી 'V' આકારે ગોઠવીને સ્થળાંતર કરતાં નજરે ચઢે છે. 'V' આકાર ધારણ કરવાથી હવા કાપવામાં ઓછુ ઘર્ષણ થાય. નાયક પક્ષીને સૌથી વધારે શ્રમ પડે છે એટલે આંતરે-આંતરે નાયકની ફેરબદલી કરી ઉડાન કરે છે. દર વર્ષે પૂર્વ નિર્ધારિત સ્થળે અને સમયે જ પહોંચી જાય છે. આ અદ્‌ભૂત સમય અને શિસ્ત પાલન યાયાવર પંખીડાઓમાં જ જવલ્લે જ જોવા મળે!!! યાયાવર પક્ષીઓ દેખાવે પણ સુંદર હોય છે.

ડૉ. સનત ચવાણ સ્થળાંતર કરતાં પંખીડાઓને હવાઈ ખુદા બક્ષો તરીકે પણ ઓળખ આપી છે. વન વિભાગ દ્વારા દરિયા કિનારા પાસેના પક્ષીઓની ગણતરી ધરતીકંપ આવ્યો તે દિવસે કરવામાં આવી હતી, પરંતુ ધરતીકંપ આવ્યો તેને કારણે રદ કરવામાં આવી હતી. ત્યારથી આજ સુધી ગણતરી હાથ ધરાઈ નથી. પ્રકૃતિપ્રેમીઓનો સાથ લઈને પક્ષીઓની ગણતરી હાથ ધરાય તેવી માંગણી કરવામાં આવી છે.

## એકડેમી ઓફ પિડિયાટ્રીક્સના કુપોષણ મુક્ત ગુજરાત પ્રોજેક્ટને સફળતા




### અંદાજે ૪૩ લાખથી પણ વધુ બાળકોની આંગણવાડી વર્કરો દ્વારા કુપોષણ બાબતે સ્વાસ્થ્ય ચકાસણી કરવામાં આવી

ગાંધીનગર, તા. ૨૨

એકેડેમી ઓફ પિડિયાટ્રીક્સ દ્વારા તંદુરસ્ત બાળઉછેર અને કુપોષણમુક્ત ગુજરાતમ માટે વિવિધ કાર્યક્રમો રાજ્યભરમાં સફળતાપૂર્વક હાથ ધરવામાં આવ્યા છે. ૧૩૦૦થી પણ વધારે સભ્યો ધરાવતા એકેડેમી ઓફ પિડિયાટ્રીક્સ ગુજરાત દ્વારા સફળતાપૂર્વક હાથ ધરવામાં આવેલા કાર્યક્રમોમાં કુપોષણ મુક્ત ગુજરાત, શિશુનિર્માણ અને સંવાદનો સમાવેશ થાય છે.

અત્રે તેની નોંધ લઈએ કે ઈન્ડિયન એકડેમી ઓફ પિડિયાટ્રીક્સ (આઈએપી)માં દેશભરનાં ૨૩,૦૦૦થી પણ વધુ પિડિયાટ્રીશીયનો સભ્યપદ ધરાવે છે.

એઓપી, ગુજરાતનાં પ્રેસિડેન્ટ ડૉ. રાજેશ માહેશ્વરી અને સેક્રેટરી ડૉ. નિશ્ચલ ભટ્ટે એઓપીનાં કાર્યક્રમો અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, 'ગર્વમેન્ટ ઓફ ગુજરાતના કુપોષણ મુક્ત ગુજરાત અભિયાનને એઓપી ગુજરાતના સાથથી ઘણો સારો પ્રતિસાદ સાંપડ્યો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત પાંચ વર્ષથી ઓછી વયનાં અંદાજે ૪૩ લાખથી પણ વધુ બાળકોની આંગણવાડી વર્કરો દ્વારા કુપોષણ અંગે તપાસ કરવામાં આવી હતી. જેમાં ૧,૪૫,૦૦૦ બાળકોમાં તીવ્ર કુપોષણની અસર હતી અને તેમાં પણ અંદાજે ૬૬૦૦ જેટલા બાળકો કેટલીક ગંભીર અને જટીલતાઓથી પીડાતા હતા. આ બાળકોને ચાઈલ્ડ માલન્યુટ્રીશન ટ્રીટમેન્ટ સેન્ટર્સ (સીએમટીસી) અને ન્યુટ્રીશનલ રિહેબીલીટેશન સેન્ટર્સ (એનઆરસી)માં દાખલ કરવામાં આવ્યા હતા. આ કેન્દ્રોમાં તેમને એઓપી, ગુજરાતનાં સભ્યો એવા ખાનગી પિડિયાટ્રીશીયનની સીધી સારવાર પ્રાપ્ત થઈ હતી. જેથી તેમના ૯૦ ટકા જેટલા બાળકોએ પ્રતિદિન પાંચ ગ્રામ/કેજી જેટલું વજન મેળવ્યું હતું. આ બાળકોની નિયમિત સારવાર હજી પણ ચાલી રહી છે.

એઓપી, ગુજરાત દ્વારા વર્ષભરમાં વિવિધ આઈએપી સપ્તાહોની પણ ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ઓઆરએસ સપ્તાહ, સ્તનપાન સપ્તાહ, ચાઈલ્ડ એન્ડ એડોલેસન્ટ હેલ્થકેર સપ્તાહ, ટીન એજ ડે, ડોટર્સ ડે, રેશનલ એન્ટીબાયોટીક ડે, એન્ટી માઈક્રોબાયલ અવેરનેસ સપ્તાહ વગેરેનો સમાવેશ થાય છે.

### બાહુબલી, બજરંગી ભાઈજાન, હૈદર, પીકેને પાછળ રાખી

# ઓસ્કાર ઍવોર્ડ માટે નોમિનેટ થઈ પ્રાદેશિક ફિલ્મ : કૉર્ટ

બાહુબલી, બજરંગી ભાઈ જાન, હૈદર અને પીકે જેવી સફળ ફિલ્મોને પાછળ રાખીને કૉર્ટ નામની એક પ્રાદેશિક ફિલ્મ ઓસ્કાર ઍવોર્ડ માટે દેશ તરફથી નોમિનેટ કરવામાં આવી છે. મહારાષ્ટ્રના એક યુવાન ચૈતન્ય તામ્હણે દ્વારા આ ફિલ્મનું




લેખન અને નિર્દેશ કરવામાં આવ્યું છે. આખરે એવું શું છે આ ફિલ્મમાં કે તેને ઓસ્કાર માટે નોમિનેટ કરવામાં આવી છે? એવો સવાલ સહજ થાય. આ રહ્યો જવાબ :

ફિલ્મનો ઉઘાડ કંઈક આ રીતે થાય છે : એક દલિત લોકગાયક નારાયણ કાંબલે મુંબઈની પછાત વર્ગની એક વસાહતમાં ચાર રસ્તા પરના નાના એવા એક મંચ પરથી, ગરીબો અને પછાતોને થઈ રહેલા સરકારી અન્યાયો સામે અવાજ ઉઠાવતું ગીત ગાઈ રહ્યો છે. ગીત પૂરું થાય એની વચ્ચે જ મુંબઈ પોલીસ આવીને એને ઉઠાવી જાય છે.

કાંબલે પર એવો આરોપ છે કે મુંબઈની શીતલાદેવી ઝૂંપડપટ્ટીનો એક સફાઈ કામદાર વાસુદેવ પવાર જે સફાઈ કામ માટે એક ગટરમાં ઉતર્યો હતો, તેનું ગટરના ઝેરી ગૅસથી મૃત્યુ થયું હતું, તે હકીકતમાં આ લોકગાયકના લીધે થયું છે!

પોલીસનું કહેવું છે કે દલિત લોકગાયક નારાયણ કાંબલેએ મંચ પરથી ગાયેલા ગીતના એ શબ્દો કે 'માથે મેલું ઉંચકવાના અપમાનજનક કામ કરવા કરતાં તો મરી જવું સારું' એ સાંભળીને એ સફાઈ કામદાર વાસુદેવ પવારે જાણીજોઈને મોતને વ્હાલું કર્યું છે!

પોલીસ કાંબલે પર કેસ તૈયાર કરીને મુંબઈની નીચલી અદાલતમાં સબમીટ કરે છે, લડાતો લડાતો કેસ મુંબઈની સૅશન્સ કૉર્ટમાં પહોંચે છે.

'સો ગુનેગાર ભલે છૂટી જાય પરંતુ એક નિર્દોષને સજા ન થવી જોઈએ' કે 'ન્યાયમાં દેર છે પણ અંધેર નથી' એમ ભલે કહેવાતું હોય પરંતુ પોતાની ફિલ્મ કૉર્ટ દ્વારા ચૈતન્ય તામ્હણે જે સંદેશ દર્શકો સુધી



**વાચકોની કોલમ**
- નટુભાઈ પરમાર
natubhaip56@gmail.com

પહોંચાડવા માગે છે તે એ જ છે કે 'ન્યાયમાં જે દેર છે એ જ તો અંધેર છે!' વિલંબિત કાનૂની પ્રક્રિયાને કારણે ન્યાયઈચ્છુકો પર જે વીતે છે એનું બહુ બારીકાઈથી નિરૂપણ થયું છે આ ફિલ્મમાં.

ન માત્ર ભારતીય કિન્તુ વિશ્વભરની અદાલતોમાં કાનૂનના જડ પાલન સાથે જે રીતે કાર્યવાહી ચાલે છે, તેમાં માનવીય સંવેદનાઓ માટે કોઈ જગ્યા જ નથી, તે દર્શાવતી આ ફિલ્મની કથામાં રહેલી વૈશ્વિક અપીલને ધ્યાને લઈ ૧૭ જેટલા આંતરરાષ્ટ્રીય ઍવોર્ડ્સ મળ્યા છે. સાથે ઘરઆંગણે ભારતના રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના વરદ્ હસ્તે ૬૨મા નેશનલ ફિલ્મ સમારોહમાં બેસ્ટ ફિચર ફિલ્મનો એવોર્ડ પણ પ્રાપ્ત થયો છે. અને હવે ૨૦૧૬માં જાહેર થનારા ૮૮મા ઓસ્કાર ઍવોર્ડ માટે પણ આ ફિલ્મનું 'બેસ્ટ ફોરેન ફિલ્મ' કૅટેગરીમાં વિધિવત્ નોમિનેશન થઈ ચૂક્યું છે.

દલિત લોકગાયકના ગાનથી આરંભ પામી હોવા છતાં આ ફિલ્મમાં સમાજના દલિત કે કોઈ ચોક્કસ પછાતવર્ગની સમસ્યાઓનું વર્ણન નથી. એનો પ્રમુખ આશય તો બોદી ન્યાયવ્યવસ્થા અને વિલંબિત અદાલતી કાર્યપધ્ધતિથી સર્જાતી પરિસ્થિતિ પર પ્રકાશ પાથરવાનો જ રહ્યો છે. તામ્હણેએ કૉર્ટ બનાવતાં પહેલાં મહિનાઓ સુધી તેમના કલાકારો અને નિર્માતા સાથે મુંબઈની કૉર્ટમાં બેસીને કલાકોના કલાકો ગાળ્યા હતા, ખ્યાત ધારાશાસ્ત્રીઓનાં પુસ્તકોનો અભ્યાસ કર્યો હતો ઉપરાંત મુંબઈની જુદી જુદી ચાલ, દલિતો-ગરીબો-પછાતોની વસાહત, તેમનાં રસોડાં, પહેરવેશ, વાણી અને રોજ-બ-રોજના વ્યવહાર અંગે છ માસ સુધી અભ્યાસ કર્યો હતો. આ જ કારણે આપણી સરેરાશ ફિલ્મોનાં લોકેશન્સ અને તેમાં દર્શાવાતી કૉર્ટ કે કાર્યવાહીનાં ચીલાચાલુ દશ્યોથી આ ફિલ્મ નોખી તરી આવે છે.

ફિલ્મનાં ગ્લેમર, ભપકા કે મૅલોડ્રામા વિનાનાં દશ્યો અને લોકેશન્સ એકદમ વાસ્તવિક જણાય છે. ૧૮૦૦ જેટલા ઑડિશન પછી પ્રસ્થાપિત થયેલા કલાકારો વિના ઓછા જાણીતા એવા અવ્યાવસાયિક ને રંગભૂમિના કલાકારો પાસેથી દિગ્દર્શકે ખૂબ સુંદર કામ લીધું છે. ફિલ્મમાં ભેળ-પકોડીવાળા, વડાપાંઉવાળાથી માંડીને સામાન્ય પ્રજાજનોમાંથી પણ કિરદાર પસંદ થયા છે ને એમણે અભિનય પણ સુંદર આપ્યો છે.

'નવજીવન વિદ્રોહી સાંસ્કૃતિક જલસા'ના બૅનર તળે મહારાષ્ટ્રના ખ્યાતિપ્રાપ્ત શાંભાજી ભગતનાં ગીતો અને એ જે રીતે રજૂ થયાં છે તે આ ફિલ્મનું આગવું આભૂષણ બન્યાં છે.

'કૉર્ટ'ની સમીક્ષા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ફિલ્મ સમીક્ષકોએ ઉદાર દિલે કરી છે અને તેને અચૂક જોવા જેવી ફિલ્મ ગણાવી છે.